**મહેરબાન ઓલપાડના એડીશ્નલ સીનીયર સીવીલ જજ અને એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં.**

ક્રિમીનલ કેસ નંબરઃ૨૨૪૫/૨૦૨૫

આંક–

| | | |
|---|---|---|
| ફરીયાદ | : | શ્રી સરકાર |
| | | વિરૂધ્ધ |
| આરોપી | : | સંજયભાઈ કાંતીભાઈ તળપદા |
| | | રહેઃ વડોલી ગામ, તા.ઓલપાડ, જી.સુરત. |

**ગુનો–પ્રોહીબીશન એક્ટની કલમ–૮૫ (૧), ૬૬(૧)(બી)મુજબ.**

**–: ઠરાવ:–**

(૧) આ કામના ફરીયાદ પક્ષના કેસની ટૂકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ વગર પાસ પરમીટે દારૂ પીધેલી હાલતમાં જાહેરમાં લથડીયા ખાતા બકવાસ કરતો મળી આવી પકડાઈ જઈ પ્રોહીબીશન એક્ટની કલમ–૮૫ (૧), ૬૬ (૧) (બી) મુજબનો ગુનો કરેલ હોય પુરતો પુરાવો મળી આવતા ચાર્જશીટ રજુ કરેલ છે. આ કામના આરોપી અદાલત સમક્ષ હાજર થતા પોલીસ તપાસના કાગળોની નકલો આપવામાં આવી.

(૨) આ કામના આરોપી સામે તેઓની સામેના ગુના અન્વયે તહોમતનામું ફરમાવવામાં આવેલ જે અન્વયે આરોપીએ અલગથી ગુના કબુલાત પુરસીસ રજુ કરી ગુનો કબુલ કરતા હોવાનું જણાવતા આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવેલ અને જે આરોપીને વાંચી સંભળાવી સમજાવતા જવાબ લેવામાં આવેલ જેમાં આરોપીએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે જેથી ઉપરોક્ત ગુનો આરોપી કબુલ કરશે તો ગુનાની સજા અંગે આરોપીને જણાવવામાં આવેલ છે. આરોપી સ્વૈચ્છીક રીતે ગુનો કબુલ રાખતા હોય કબુલાત પુરસીસ રેકર્ડ કરવામાં આવેલ છે. આરોપીની રજુઆત છે કે, તેઓનો આ પ્રથમ ગુનો છે. આ ગુનો કરવાનો તેમનો કોઈ ઈરાદો ન હતો અને ભવિષ્યમાં ગુનો કરશે નહી તેવી ખાત્રી આપે છે.

(૩) વધુમાં નામદાર ગુજરાત વડી અદાલત ૨૦૦૫(૧) જી.એલ.આર.૭૦૯, સ્ટેટ ઓફ ગુજરાત વિ.નટવર હરિચંન્દ્રજી ઠાકોરના ચુકાદાના પ્રસ્થાપિત સિધ્ધાંત વંચાણે લેવામાં આવે તો કોર્ટને એવુ જણાય કે કોર્ટને ઓછામાં ઓછી સજા કરતી વખતે આરોપીની પરિસ્થિતિ, આરોપીનો ગુનો તેમજ અન્ય સંજોગોનો વિચાર કરવો જોઈએ ત્યારે આ અંગે યોગ્ય નિર્ણય લઈ કોર્ટ ઓછામાં ઓછી સજા કરી શકે. સદર ગુનાની જોગવાઈ તેમજ આરોપી દ્વારા સ્વેચ્છાએ કબુલાત કરવા માંગતા હોય આરોપી સામેથી ગુના અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-:: હુકમ ::-**

આ કામના આરોપીને બી.એન.એસ.એસ. કલમ–૨૭૧ (૨) અન્વયે પ્રોહીબીશન એક્ટની કલમ–૮૫ (૧), ૬૬ (૧) (બી) મુજબના ગુના સબબ દોષીત ઠરાવી રૂા.૨૦૦/– (અંકે રૂપિયા બસો પુરા) નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે. આરોપી જો દંડની રકમ ભરવામાં કસુર કરે તો તે બદલ દિન–૨ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ સ્પેશીયલ સીટીંગમાં ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૧૪/૦૩/૨૦૨૬

સ્થળઃઓલપાડ.

(દીપ્તી મૌલિક પંડ્યા)
એડી.સીની.સીવીલ જજ અને
એડી.ચીફ જ્યુડી.મેજી.ઓલપાડ
કોડ નં.૦૧૨૯૦

Receipt No. ___________
Fine Rs.200/- (Rupees : One Thousand Only)
Dt. 14/03/2026
Nazir
Civil Court, Olpad.